**આજનો સુવિચાર** સારો સમય બધાનો આવે છે. બસ શરત એટલી કે હંમેશાં સમય સાથે ચાલવું પડે છે.



**આજનો સુવિચાર** જો મિત્રતા તમારી નબળાઈ હોય તો તમે વિશ્વની સૌથી મજબૂત વ્યક્તિ છો.



**ઇન્ટિગ્રેટેડ આર્યા**

ઘાટકોપર-વેસ્ટ

1&2 BHK ફ્લૅટ્સ

ઝીરો સ્પેસ વેસ્ટેજ પ્લાન

લાઇફલૉન્ગ લો મેઇન્ટેનન્સ

ચાઇલ્ડ સેફ્ટી ફીચર્સ

સૅમ્પલ ફ્લૅટ રેડી

પઝેશન માર્ચ ૨૦૧૮

વધુ વિગતો માટે સંપર્ક : આશિષ મહેતા
9819 899 600
99 303 303 00
email:
sales@groupintegrated.com
website:
www.groupintegrated.com

Zero wastage planning | Intelligent sizing & pricing | Low maintenance advantage | Green spirit

૨૫ ટકા બુકિંગ વખતે, બાકીનું પેમેન્ટ ફિટઆઉટ પઝેશન વખતે

ફ્લેક્સી પેમેન્ટ પ્લાન ઉપલબ્ધ
HDFC HOME LOANS apni jagah banao

પ્રોજેક્ટ-ફાઇનૅન્સ
RELIANCE HOME FINANCE

# બેસ્ટ લોકેશનમાં વાજબી ભાવે સરસ લાઇફ-સ્ટાઇલ મેળવવી છે? તો સરનામું છે

# ઇન્ટિગ્રેટેડ આર્યા

## ઘાટકોપરના લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ નજીક આવેલા ઇન્ટિગ્રેટેડ ગ્રુપના પ્રોજેક્ટ આર્યામાં લાઇફ-સ્ટાઇલ, લોકેશન અને લો મેઇન્ટેનન્સનું અનોખું કૉમ્બિનેશન થયું છે : સૅમ્પલ ફ્લૅટ રેડી છે તો આજે ફોન કરો અને જોઈ આવો

**મુંબઈમાં** રોટલો મેળવવો સહેલો છે, ઓટલો મેળવવો અઘરો. એક-એક ફુટ જગ્યાની ખરી કિંમત મુંબઈગરાને જ સમજાય. બેસ્ટ લોકાલિટી, કનેક્ટિવિટીના દૃષ્ટિકોણથી બેસ્ટ લોકેશન, સારી લાઇફ-સ્ટાઇલનો અનુભવ કરાવતું ઘર લેવાનું સપનું સૌનું હોય. આ બધાનો મેળ ખાતું ઘર લેવા જઈએ ત્યારે ઘણા ઊંચા ભાવ હોય. મોંઘેરી જગ્યાનો મૅક્સિમમ ઉપયોગ થાય અને જરાય વેસ્ટેજ ન જાય તો નાની જગ્યામાં પણ સારી મોકળાશ ઘરમાં મળી રહે. એટલે જ મુંબઈગરા જ્યારે ઘર ખરીદવા જાય ત્યારે પસંદગીના વિવિધ ક્રાઇટેરિયામાં સૌથી મહત્ત્વની વાત હોય છે ઘરમાં મૅક્સિમમ જગ્યા વાપરવા મળતી હોય એ. લિવિંગ-રૂમ, બેડરૂમ અને કિચનમાં ક્યાંય જગ્યાનો બગાડ ન થાય અને સાથે કબાટ માટેની નાની-નાની પણ અત્યંત યુઝફુલ જગ્યાનો અવકાશ મળી રહે.

લોકાલિટી, લોકેશન, લાઇફ-સ્ટાઇલ અને ઝીરો વેસ્ટેજ પ્લાનિંગ જેવી બધી જ ચિંતાઓનો અંત ઇન્ટિગ્રેટેડ સ્પેસિસ લિમિટેડના ‘ઇન્ટિગ્રેટેડ આર્યા’ પ્રોજેક્ટમાં આવી જાય છે. આવો આ પ્રોજેક્ટમાં શું છે એ જોઈએ.

ઘાટકોપરની ધોરી નસ જેવા LBS (લાલ બહાદુર શાસ્ત્રી) રોડ નજીક આઠ માળના છ વિન્ગ્સ ધરાવતો ઇન્ટિગ્રેટેડ આર્યા પ્રોજેક્ટ બધી જ રીતે મોકાની જગ્યાએ છે. આ રોડ ઈસ્ટર્ન સર્બર્બનું હાર્ટ છે. મુંબઈની લાઇફલાઇન સમાન લોકલ રેલવે, મેટ્રો સ્ટેશન નજીકમાં પડે. ચોવીસે કલાક ધમધમતો રહેતો આ રોડ ઘાટકોપરને થાણેથી લઈને સાયન સુધી જોડે છે. ઇન્ટિગ્રેટેડ આર્યાનું લોકેશન મેઇન રોડથી જસ્ટ ૧૦૦ મીટર અંદર શાંતિ અને સુકૂનવાળી જગ્યાએ છે. એને કારણે મેઇન રોડના ટ્રાફિક, ઘોંઘાટથી દૂર રહી શકાય અને છતાં આ રોડ સાથેની કનેક્ટિવિટીનો ઉત્તમ લાભ મળે.

### સ્ટ્રૅટેજિક લોકેશન

લોકલ રેલવે અને મેટ્રોના સ્ટેશનની વાત કરીએ તો ઇન્ટિગ્રેટેડ આર્યા પ્રોજેક્ટથી ઘાટકોપર રેલવે-સ્ટેશન ૧૦ મિનિટ, મેટ્રો સ્ટેશન ૧૦ મિનિટ, જાગૃતિનગર મેટ્રો સ્ટેશન ૧૦ મિનિટ, વિદ્યાવિહાર રેલવે-સ્ટેશન ૧૦ મિનિટમાં પહોંચી જઈ શકાય એમ છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે ૧૫ મિનિટમાં અને વેસ્ટર્ન સબર્બ સાથેની કનેક્ટિવિટી માટે સાંતાક્રુઝ-ચેમ્બુર લિન્ક રોડ પણ ૧૫ મિનિટમાં પહોંચી જવાય. ફૅમિલી ટાઇમ ગાળવા માટે આર. સિટી મૉલ પંદર મિનિટના ડિસ્ટન્સ પર છે જ્યારે ફીનિક્સ માર્કેટ સિટી-કુર્લા તો જસ્ટ દસ જ મિનિટ પર છે. છત્રપતિ શિવાજી ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ વીસ મિનિટના અંતરે પડે.




### ૨૫ ટકા ડાઉન પેમેન્ટ આપો, પઝેશન પછી હપ્તા ભરો

**જે** લોકો હાલમાં ભાડાના ઘરમાં રહેતા હોય તેમને નવું ઘર બુક કરાવતી વખતે મૂંઝવણ થતી હોય છે. ભાડું ભરવાનું અને લોનના હપ્તા પણ ભરવાના એમ બેવડો આર્થિક ભાર સહન કરવાનું શક્ય નથી હોતું. ખાસ આવા સંજોગોમાં મદદરૂપ થાય એવી ફ્લૅક્સી પેમેન્ટ સ્કીમ પણ ઇન્ટિગ્રેટેડ આર્યા પ્રોજેક્ટ માટે ઉપલબ્ધ છે.

**HDFC LTD.** દ્વારા ફ્લેક્સિબલ પેમેન્ટ માટેની સુવિધા માટે ટાઈ-અપ થયું છે. આ સ્કીમ મુજબ બુકિંગ દરમ્યાન કસ્ટમરે ૨૫ ટકા ડાઉન પેમેન્ટ કરવાનું રહે છે. બાકીના ૭૫ ટકા પેમેન્ટ ફિટઆઉટ પઝેશન મળ્યા પછી સરળ હપ્તા દ્વારા ભરવાનું શરૂ કરવાનું રહે છે. આ સ્કીમને કારણે લોન લેવા છતાં હપ્તા શરૂ ન થતા હોવાથી કસ્ટમરનું અંગત ફાઈનૅન્સ મૅનેજમેન્ટ ખોરવાતું નથી.

**પ્રાઇસ-રેન્જ**
**1BHK**
**૧.૧૨થી ૧.૧૯ કરોડ રૂપિયા (ઑલ ઇન્ક્લુઝિવ)**
**2BHK**
**૧.૬ કરોડ રૂપિયા (ઑલ ઇન્ક્લુઝિવ)**

ડાયમન્ડ માર્કેટ અને કૉર્પોરેટ કંપનીઓને કારણે મુંબઈનું બિગેસ્ટ બિઝનેસ હબ બની ગયેલા બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સ સાથેની કનેક્ટિવિટી પણ ઘણી સારી. માત્ર ૧૫ મિનિટના ડ્રાઇવ પર તમે BKC પહોંચી જઈ શકો છો.

### લાઇફ-સ્ટાઇલ વિથ સેવિંગ્સ

આગળ કહ્યું એમ મુખ્ય રસ્તા સાથે વેલ કનેક્ટેડ હોવા છતાં બિલ્ડિંગની આસપાસ હરિયાળી અને ઘરમાં શાંતિમય વાતાવરણનું અનોખું કૉમ્બિનેશન ઇન્ટિગ્રેટેડ આર્યામાં છે. ઘરમાં આવ્યા પછી પરમ શાંતિનો અનુભવ થઈ શકે એટલું કુદરતી વાતાવરણ મળે અને બહાર નીકળો એટલે તમે તરત જ ઘાટકોપરના ધમધમતા રોડ પર પહોંચી જાઓ. ગ્રાઉન્ડ પ્લસ આઠ માળના બિલ્ડિંગની છ વિન્ગ્સમાં 1BHK અને 2BHKના ફ્લૅટ્સનો ઑપ્શન છે. કૉમ્પ્લેક્સમાં જ આંખને ઠંડક આપે એવી લીલોતરી છવાયેલી છે અને સાથે સામે જ BMCનું ખૂબ સુંદર રીતે જતન થયેલું ગાર્ડન પણ છે. ફ્રેશ હવા, બાળકોને રમવા માટે પૂરતી મોકળાશ, એક્સરસાઇઝ કરવા માટેની જગ્યા અને સિનિયર સિટિઝન્સ સાંજે વિસામો કરી શકે એવી સુંદર વ્યવસ્થા આ ગાર્ડનમાં છે. આ ઉપરાંત કૉમ્પ્લેક્સમાં જ મૉડર્ન અને ફુલી-ઇક્વિપ્ડ ફિટનેસ સેન્ટર તો ખરું જ.

સારી લાઇફ-સ્ટાઇલ માટે રમવા-કસરત કરવા કે ફરવા માટેની મોકળાશ જોઈએ જે બધું જ અહીં વાજબી અને લો મેઇન્ટેનન્સ કૉસ્ટ સાથે મળી રહે. આધુનિક જીવનશૈલી માટે હંમેશાં મોટો ખર્ચો કરવો જ પડે એ વાત ઇન્ટિગ્રેટેડ આર્યા પ્રોજેક્ટમાં ખોટી પડે છે.

### ઝીરો વેસ્ટેજ પ્લાનિંગ

નવું ઘર ખરીદવા માટે જ્યારે તમે વિવિધ પ્રોજેક્ટ્સની મુલાકાત લેતા હશો ત્યારે જોવા મળતું હશે કે એક જગ્યાનો પાંચસો સ્ક્વેર ફુટનો ફ્લૅટ બીજી જગ્યાના એટલા જ સ્ક્વેર ફુટ કરતાં નાનો-મોટો લાગતો હોય છે. ખૂણેખાંચરે જગ્યાનો વેસ્ટેજ થઈ જવાને કારણે એટલો જ કાર્પેટ એરિયા હોવા છતાં એ જગ્યા યુઝફુલ ન હોય. ઇન્ટિગ્રેટેડ આર્યામાં જ નહીં, ઇન્ટિગ્રેટેડ સ્પેસિસ લિમિટેડના તમામ પ્રોજેક્ટ્સના પ્લાનિંગમાં ઝીરો વેસ્ટેજને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. દરેક પરિવાર પોતાની મોંઘેરી મૂડીમાંથી એકનું એક ઘર ખરીદતો હોય છે. ઇન્ટિગ્રેટેડ ગ્રુપનો મૂળભૂત ફિલોસૉફી રહી છે કે ગ્રાહકોએ જેટલું ઇન્વેસ્ટ કર્યું છે એનું પૂરેપૂરું વળતર મળે, એક ઇંચ જગ્યા પણ વેસ્ટ ન જાય. એ માટે જરૂરી તમામ તકેદારી ઇન્ટિગ્રેટેડના પ્રત્યેક પ્રોજેક્ટમાં હોય છે. મધ્યમ વર્ગનો પરિવાર વારંવાર ઘર ખરીદવા નથી જતો એટલે લોકોની જરૂરિયાત, તેમનાં મંતવ્યોને ધ્યાનમાં રાખીને ઇન્ટિગ્રેટેડ આર્યા પ્રોજેક્ટ ડિઝાઇન કરવામાં આવ્યો છે.

લિવિંગ-રૂમ અને બેડરૂમમાં વધુ સ્પેસ મળે એ રીતનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે એ તો તમે એક વાર જાતે મુલાકાત લઈને જોશો તો ખબર પડી જ જશે. એક બેડરૂમ-હૉલના ઘરમાં પણ બે બાથરૂમની લક્ઝરી છે. એને કારણે એક બેડરૂમ માસ્ટર બેડરૂમની ગરજ સારે છે.

### સુવિધાઓ

કહેવાય છે કે પહેલી નજરે જે છાપ પડે એ જ મનમાં અંકાઈ જાય. એ જ કારણોસર કોઈ પણ બિલ્ડિંગની એન્ટ્રી કેવી છે એ તેના રહેવાસીઓને જરા હટ કે ફીલ આપી હોવી જોઈએ. ઇન્ટિગ્રેટેડ આર્યામાં લૉબી મોકળાશવાળી, સિટિંગ અરેન્જમેન્ટ સાથેની છે. અહીં મુલાકાતીઓ બેસી શકે એવી ઍસ્થેટિકલ ડિઝાઇન છે.

ફોર વ્હીલર્સ માટે સુઆયોજિત સ્ટેક પાર્કિંગ અને ડબલ લેવલ પાર્કિંગ છે. ટૂ-વ્હીલર્સ માટે પણ અલગ પાર્કિંગ વ્યવસ્થા છે.